# ભાવનગર – મહાનગરપાલિકા

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા સીનીયર ક્લાર્ક સંવર્ગની જગ્યાઓ ભરવા માટે તા. ૨૬/૦૯/૨૦૨૧ ના રોજ લેખિત પરીક્ષા લેવામાં આવેલ હતી. ત્યારબાદ તા.૨૮/૧૧/૨૦૨૧ના રોજ કોમ્પ્યુટર ટેસ્ટ લેવાયેલ હતી. જેનું રિઝલ્ટ ઓજસ વેબસાઇટ પર ૨૮/૧૧/૨૦૨૧ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલું. આ કોમ્પ્યુટર ટાઇપીંગ ટેસ્ટમાં ઊતીર્ણ થયેલા ઉમેદવારોએ તા-૧/૧૨/૨૦૨૧ ના રોજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરવા માટે નીચેના સમય, સ્થળ અને તારીખે અસલ પ્રમાણપત્રોની ચકાસણી અર્થે સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. જેની ઉમેદવારોએ નોંધ લેવી.

તારીખ : ૧/૧૨/૨૦૨૧

સમય : ૧૦:30 થી ૫:૦૦ કલાક

સ્થળ : અટલ બિહારી વાજપાઈ ઓપન એર થિયેટર, મોતિબાગ ટાઉનહોલ પાસે, ભાવનગર

- ઉમેદવારે રૂબરૂમાં રજુ કરવાના પ્રમાણપત્રો (અસલ + સ્વપ્રમાણીત નકલ)

(૧) ઉમેદવારની ઓનલાઇન અરજીની પ્રિન્ટ

(૨) શૈક્ષણિક લાયકાત અંગેની માર્કશીટ તથા ડિગ્રી સર્ટીફીકેટ (જાહેરાતમાં દર્શાવ્યા મુજબના)

(૩) કોમ્પ્યુટરના નોલેજ અંગેનું નિયત પ્રમાણપત્ર.

(૪) ફોટોવાળું ઓળખપત્ર.

(૫) શાળા છોડ્યાનું પ્રમાણપત્ર /જન્મ તારીખ અંગેનું પ્રમાણપત્ર.

(૬) જાતિ અંગેનું સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા ઇસ્યુ કરેલ પ્રમાણપત્ર(લાગુ પડતુ હોય તો)

(૭) સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોના કિસ્સામાં જાહેરાતમાં દર્શાવ્યા મુજબનું નોન-ક્રિમીલેયર પ્રમાણપત્ર

(૮) વિધવા ઉમેદવારોના કિસ્સામાં વિધવા હોવા અંગેના પ્રમાણપત્રો તથા પુન: લગ્ન કરેલ નથી તે અંગેનું સંબંધિત મામલતદારશ્રીનું પ્રમાણપત્ર.

(૯) આંતરરાષ્ટ્રીય/ રાષ્ટ્રીય/આંતર યુનિર્વસિટી ટુર્નામેન્ટ/ શાળાઓ માટેની રાષ્ટ્રીય ખેલકુદ/રમતોના ખેલાડીઓના કિસ્સામાં જાહેરાતમાં દર્શાવ્યા મુજબના નિયત નમુનાના જરૂરી પ્રમાણપત્ર.

(૧૦) રાજ્યસરકાર/કેન્દ્રસરકાર/સ્થાનિક સત્તામંડળ/સરકારની માલીકીના બૉર્ડ-નિગમ-કોર્પોરેશનની નોકરીમાં ચાલુ હોય તેવા ઉમેવારના કિસ્સામાં સક્ષમ સત્તાધિકારીનું "ના-વાંધા પ્રમાણપત્ર"

(૧૧) તાજેતરના પાસપોર્ટ સાઇઝના ૦૨ ફોટા.

અગત્યની સુચના:-

(૧) ઉમેદવારે જાતે જ સ્વખર્ચે આવવાનું રહેશે.પ્રમાણપત્ર ચકાસણી માટે તારીખ/સમય આપવામાં આવેલ છે, તે જ તારીખ/ સમયે ઉમેદવારે આવવાનું રહેશે.

(૨) ઉમેદવારે પોતાના ઉપર દર્શાવ્યા મુજબના તમામ અસલ પ્રમાણપત્રો ફરજીયાત પણે સાથે લાવવાના રહેશે, તથા દરેક પ્રમાણપત્રોની નકલ સ્વપ્રમાણિત કરીને લાવવાની રહેશે.

(૩) જો પ્રમાણપત્ર ચકાસણીની નિયત તારીખે-સમયે કોઇ ઉમેદવાર ગેરહાજર રહેશે તો સંબંધિત ઉમેદવારની ઉમેદવારી આપોઆપ રદ થશે અને ત્યારપછી તે બાબતે કોઇ પણ દાવો અથવા વિવાદગ્રાહ્ય રાખવામાં આવશે નહીં, જેની તમામે નોંધ લેવી.

(૪) જો કોઇ ઉમેદવારના અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરતા સમયે જો જાહેરાતમાં દર્શાવ્યા મુજબની લાયકાત ધરાવતા ન હોવાનું કે નિયત પ્રમાણપત્રો ધરવતા ન હોવાનું ફલીત થાય તો તેઓને ભરતી પ્રક્રીયા માટે ગેરલાયક ઠરાવવામાં આવશે, જેની તમામે નોંધ લેવી..